# <u>મહે. અમદાવાદ(ગ્રામ્ય)ના આઠમા અધિક સત્ર ન્યાયાધીશ (પી. પી. જાડેજા) સાહેબની અદાલતમાં મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)</u>

નિકાલ તારીખઃ- ૧૮/૦૩/૨૦૨૬
સેશન્સ કેસ નંબરઃ ૦૫/૨૦૨૫

**તહોમતઃ- ઈ. પી. કો. કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાઓ અંગે...**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદી તરફે** | **વિ. એ. જી. પી. શ્રી જે. સી. પટેલ** |
| **આરોપી** | (૧) દલાભાઈ અમરશીભાઈ મકવાણા (દેવીપુજક)<br>(૨) સાગરભાઈ અમરશીભાઈ મકવાણા (દેવીપુજક)<br>(૩) કિરણભાઈ દલાભાઈ મકવાણા (દેવીપુજક)<br>(૪) સંજયભાઈ દલાભાઈ મકવાણા (દેવીપુજક)<br>તમામ રહે. કરીયાણા, દેવીપુજકવાસ, તા.ધોળકા, જિ. અમદાવાદ |
| **આરોપી તરફે** | **વિ. વ. શ્રી આર. એન. પુજારા** |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૪/૦૫/૨૦૨૪ |
| ફરીયાદ દાખલ થયા તારીખ | ૧૪/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| ચાર્જશીટ કમીટ થયા તારીખ | ૨૨/૦૧/૨૦૨૫ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ જાહેર થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| જો સજા કરવામાં આવી હોય તો તેની તારીખ | --- |

## ચુકાદો

**૦૧.** આ કામના આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે.

**૦૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૪–૦૫–૨૦૨૪ ના રોજ કલાક ૧૧–૩૦ વાગ્યાની આસપાસ ફરિયાદીએ કરીયાણા ગામમાં દેવીપુજક વાસમાં આવેલ દેવીપુજક સમાજના માતાજીના મઢે પોતાની ગાડી નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં પોતાના પત્ની ભારતીબેન નવઘણભાઈ અને બાળક જીવણભાઈને પગે લગાડવાની બાધા કરવા આવેલ હોય અને સદર માતાજીના મઢની ચાવી આરોપી નં. ૦૧ ના ઘરે રહેતી હોય આરોપી નં. ૦૧ ના પત્ની પાસે માતાજીના મઢની ચાવી માંગતા આરોપી નં. ૦૧ ના પત્નીએ ફરિયાદીને શેની ચાવી અને તને અહિયા ના નથી પાડેલ કે અહી આવવાનું નહી તેમ કહેતાં ફરિયાદી આવેલ બાધા કરવા લાગેલ હતા તે દરમિયાન આરોપી નં. ૦૨ નાઓ ધારીયું લઈ આવી ફરિયાદીને કહેલ કે તું કેમ અહિયાં આવેલ છું તને ના નથી પાડેલી તેમ કહી આરોપી નં. ૦૧, ૦૩, ૦૪ નાઓને બોલાવા બુમ મારી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ધારીયાનો એક ઘા મારતાં ફરિયાદી બચી જતાં બીજો ઘા મારવા જતાં ફરિયાદીએ ધારીયું પકડી લેતાં ધારીયાનો હાથો છાતીના ભાગે મારી ફરિયાદી તેનાથી બચવા જતાં પોતાની ગાડીમાં બેસી પોતાની ગાડીમાં પડેલ ગેરકાયદેસરની વગર પાસ પરમીટની જામગરી બંદુકથી આરોપીઓને બીક બતાવવા તેઓની સામે તાકતાં આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીની ગાડી ઉપર ઘા કરી ફરિયાદીની ગાડીના કાચ ફોડી નાંખી ફરિયાદીની ગાડીને નુકશાન કરી, ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ તે મુજબની આરોપી સામે ફરિયાદીએ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ

શિક્ષાપાત્ર ગુના કોઠ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૨૦૨૯૨૪૦૧૦૫ થી ફરિયાદ નોંધાવતાં, તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં, આરોપીઓ વિરૂદ્ધ ધોળકાના જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કેસ નં. ૪૫૫૯/૨૦૨૫ થી ફોજદારી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ અને સદર ગુન્હો સેશન્સ અદાલત દ્વારા ચલાવવા પાત્ર હોઈ, તે અદાલત દ્વારા સદર કેસ કમીટ કરી અત્રે મોકલી આપતાં તેને સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૫ થી રજીસ્ટરે લઈ, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૩.** સદર કામના આરોપીઓને રજુ કરતાં તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન થયેલ હોવા બદલની ખાત્રી કરી, ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબની કલમો અન્વયે મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૮૮(૧)(બી) મુજબ **આંક–૧૫** થી આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓનું તહોમતનામું ઘડી, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૨૮(૨) મુજબ તે આરોપીને વાંચી, સંભળાવી **આંક–૧૬ થી ૧૯ સુધી** આરોપીઓનું નિવેદન રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની માંગણી કરતાં, સદરહું કેસ ફરિયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

**૦૪.** ફરિયાદપક્ષના પુરાવા માટે તારીખ નક્કી કરવામાં આવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૧ મુજબ ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષ તરફે સાક્ષીઓનો મૌખીક પુરાવોઃ</u>–**

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧ | નવઘણભાઈ કાળુભાઈ દેવીપુજક (ફરિયાદી) | ૨૩ |
| ૨ | પૃથ્વીરાજસિંહ નારૂભા ગોહીલ (ત.ક.અમલદાર) | ૧૨ |

**<u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવોઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૨૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૩૧ |
| ૪ | શરીરસ્થિતીનું પંચનામું | ૩૨, ૩૩ |
| ૫ | જાહેરનામું | ૧૭ |

**૦૫.** આ કામે ફરીયાદપક્ષ તરફે તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મદદનીશ સરકારી વકીલશ્રી તરફથી આંક–૩૫ થી ક્લોઝીંગ પુરશીસ રજુ કરી, તેઓનો પુરાવો પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરતાં, સદર કામ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા પર મુલત્વી રાખવામાં આવેલ. ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ સદર કામનો પુરાવો તેઓની હાજરીમાં નોંધવામાં આવેલ હોવાની હકીકત કબુલ રાખી, ફરિયાદપક્ષના કેસની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરી, તેઓએ કોઈપણ ગુનો કરેલ ન હોવાની અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૩ અન્વયે સાહેદો તપાસવાની તક આપતાં તેઓએ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું તેમજ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું વિશેષ નિવેદનમાં જાહેર કરેલ છે. અંતે સદર કામ પક્ષકારોની દલીલ સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ.

**૦૬.** સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬.૧. ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી જે.સી.પટેલે મૌખિક રજુઆત કરેલ છે કે, આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં રાખતાં તથા આ કામે આંક–૨૫ થી ત.ક.અમલદારની જુબાની તથા ફરિયાદ તથા આરોપીઓના શરીરસ્થિતીનું પંચનામું, બનાવવાળી જગ્યાનું પંચનામું, મેડીકલ સર્ટીફીકેટ બનાવની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે જે હકીકત ધ્યાનમાં રાખતાં ફરિયાદપક્ષે તેનો કેસ પુરવાર કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. જેથી, ફરિયાદપક્ષ તરફે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સમગ્રપણે ધ્યાને લઈ, આરોપીઓને દોષીત ઠરાવી સજા કરવા અરજ કરેલ છે.

૬.૨. આરોપીઓ તરફે રજુઆત છે કે, આ કામના ફરિયાદી ફરિયાદપક્ષને સમર્થન આપતાં નથી. વધુમાં, ત.ક.અમલદારની જુબાનીને ફરિયાદી સમર્થન આપતાં નથી જેથી ત.ક.અમલદારની જુબાની પરથી આરોપીઓએ ગુનો કરેલ હોવાનું માની શકાય નહી. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૦૭.** સદર કામે પક્ષકારો તરફે વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલો, ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતાં, આ કેસના આખરી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## <u>મુદ્દાઓ</u>

**મુદ્દા નં. (૧)** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૪–૦૫–૨૦૨૪ ના રોજ કલાક ૧૧–૩૦ વાગ્યાની આસપાસ ફરિયાદીએ કરીયાણા ગામમાં દેવીપુજક વાસમાં આવેલ દેવીપુજક સમાજના માતાજીના મઢે પોતાની ગાડી નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં પોતાના પત્ની ભારતીબેન

નવઘણભાઈ અને બાળક જીવણભાઈને પગે લગાડવાની બાધા કરવા આવેલ હોય અને સદર માતાજીના મઢની ચાવી આરોપી નં. ૦૧ ના ઘરે રહેતી હોય આરોપી નં. ૦૧ ના પત્ની પાસે માતાજીના મઢની ચાવી માંગતા આરોપી નં. ૦૧ ના પત્નીએ ફરિયાદીને શેની ચાવી અને તને અહિયા ના નથી પાડેલ કે અહી આવવાનું નહી તેમ કહેતાં ફરિયાદી આવેલ બાધા કરવા લાગેલ હતા તે દરમિયાન આરોપી નં. ૦૨ નાઓ ધારીયું લઈ આવી ફરિયાદીને કહેલ કે તું કેમ અહિયાં આવેલ છું તને ના નથી પાડેલી તેમ કહી આરોપી નં. ૦૧, ૦૩, ૦૪ નાઓને બોલાવા બુમ મારી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ધારીયાનો એક ઘા મારતાં ફરિયાદી બચી જતાં બીજો ઘા મારવા જતાં ફરિયાદીએ ધારીયું પકડી લેતાં ધારીયાનો હાથો છાતીના ભાગે મારી ફરિયાદી તેનાથી બચવા જતાં પોતાની ગાડીમાં બેસી પોતાની ગાડીમાં પડેલ ગેરકાયદેસરની વગર પાસ પરમીટની જામગરી બંદુકથી આરોપીઓને બીક બતાવવા તેઓની સામે તાકતાં આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીની ગાડી ઉપર ઘા કરી ફરિયાદીની ગાડીના કાચ ફોડી નાંખી ફરિયાદીની ગાડીને નુકશાન કરી, ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ તે મુજબની આરોપી સામે ફરિયાદીએ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં. (૨)** શું હુકમ?

**૦૮.** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## --<u>નિર્ણયના કારણો</u>--

**<u>મુદ્દા નંબર ૦૧</u>-**

**૦૯.** સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ મુજબનું તહોમત નિઃશંકપણે પુરવાર થાય છે કે કેમ તે માટે ફરિયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેવી જરૂરી બની રહે છે. સદર કામે ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ, તા.૧૪-૦૫-૨૦૨૪ ના રોજ કલાક ૧૧-૩૦ વાગ્યાની આસપાસ ફરિયાદીએ કરીયાણા ગામમાં દેવીપુજક વાસમાં આવેલ દેવીપુજક સમાજના માતાજીના મઢે પોતાની ગાડી નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં પોતાના પત્ની ભારતીબેન નવઘણભાઈ અને બાળક જીવણભાઈને પગે લગાડવાની બાધા કરવા આવેલ હોય અને સદર માતાજીના મઢની ચાવી આરોપી નં. ૦૧ ના ઘરે રહેતી હોય આરોપી નં. ૦૧ ના પત્ની પાસે માતાજીના મઢની ચાવી માંગતા આરોપી નં. ૦૧ ના પત્નીએ ફરિયાદીને શેની ચાવી અને તને અહિયા ના નથી પાડેલ કે અહી આવવાનું નહી તેમ કહેતાં ફરિયાદી આવેલ બાધા કરવા લાગેલ હતા તે દરમિયાન આરોપી નં. ૦૨ નાઓ ધારીયું લઈ આવી ફરિયાદીને કહેલ કે તું કેમ અહિયાં આવેલ છું તને ના નથી પાડેલી તેમ કહી આરોપી નં. ૦૧, ૦૩, ૦૪ નાઓને બોલાવા બુમ મારી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ધારીયાનો એક ઘા મારતાં ફરિયાદી બચી જતાં બીજો ઘા મારવા જતાં ફરિયાદીએ ધારીયું પકડી લેતાં ધારીયાનો હાથો છાતીના ભાગે મારી ફરિયાદી તેનાથી બચવા જતાં પોતાની ગાડીમાં બેસી પોતાની ગાડીમાં પડેલ ગેરકાયદેસરની વગર પાસ પરમીટની જામગરી બંદુકથી આરોપીઓને બીક બતાવવા તેઓની સામે તાકતાં આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીની ગાડી ઉપર ઘા કરી ફરિયાદીની

ગાડીના કાચ ફોડી નાંખી ફરિયાદીની ગાડીને નુકશાન કરી, ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ છે તે મુજબની ફરિયાદ છે.

**૧૦.** ઉપરોક્ત ફરિયાદની હકીકત ધ્યાનમાં રાખતાં તથા રજુ થયેલ પુરાવા ધ્યાનમાં રાખતાં સદર કામ આંક-૨૩ થી ફરીયાદી નવઘણભાઈ કાળુભાઈ દેવીપુજક (દેવીપુજક) નાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેમનો દિકરો જીવણ બિમાર હોય જેથી તેમના કુળદેવીની બાધા રાખેલ હતી અને તા.૧૪-૦૫-૨૦૨૪ ના રોજ તેમની સ્વીફ્ટ ગાડી લઈને તેમની પત્ની તેમના દિકરાને લઈને બાધા પુરી કરવા ગયેલા હતા. તેઓ ત્યાં ગયા ત્યારે તાળુ મારેલ હોય જેથી ચાવી મંગાવી ખોલાવવા માટે વાતચીત કરેલી તે વખતે ઘણા બધા માણસોનું ટોળું આવીને મારા મારી કરવા લાગેલા. દરમિયાન તેમના સમાજના માણસો આવી જતાં સમાજના માણસોએ બધાને છુટા પાડી રવાના કરેલા અને તેમને કોઠ પો.સ્ટે. તેમના કુટુંબના માણસો લઈ જતાં પોલીસે તેમની પાસે લખેલા કાગળમાં સહી કરાવી હતી. તેઓ ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિઓ વિરૂદ્ધ આક્ષેપો કરતી હકીકતો પોલીસને જણાવી હોય તેવું બનેલ નથી. બનાવમાં તેમના ઘરના સભ્યોને કોઈ ઈજા થયેલ નથી. સદર ફરિયાદીએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેઓને ફરિયાદપક્ષે વિ.એ.જી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ છે. વધુમાં તેઓની ઊલટ તપાસ વિ.એ.જી.પી.શ્રી દ્વારા કરવા છતાં તેઓ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલ નથી. ત્યારબાદ ઊલટ તપાસ આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરાતાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ખુબ મોટું ટોળું ભેગું થઈ ગયેલ અને તેમાં દોડા દોડી થયેલ તેમાં તેમને પડી જવાથી ઈજા થયેલી. બનાવ સમયે કોઈના હાથમાં કોઈ પણ હથિયાર જોયેલું નહી. તેમને કે કોઈ પણ વ્યક્તિને કોઈએ કોઈ પણ જાતની ધમકી આપેલ નથી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ટોળામાં

ઘણા બધા માણસો હોય જેથી તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિઓને ઓળખી શકે નહી. પોલીસે માત્ર તેમની સહી મેળવી હતી તેઓ પોલીસને કોઈ હકીકત લખાવેલ નહી.

આમ, સદર ફરીયાદીની સોગંદ પરની સરતપાસ તથા ઊલટ તપાસ જોતાં, સદર ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ તેમની હથિયારથી મારા મારી કરી તેમની ગાડી ઉપર ઘા કરી કાચ ફોડી નાંખી ગાડીને નુકશાન કરેલ હોય કે ગંદી ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ નથી. વધુમાં બનાવ સમયે ખુબ મોટું ટોળું ભેગું થઈ ગયેલું અને દોડાદોડી થતાં પડી જવાના કારણે તેમને તથા તેમના દિકરાને ઈજા થયેલ હોવાનું સ્વીકારેલ છે. આમ ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો આરોપી નં. ૦૧, ૦૩, ૦૪ નાઓને બોલાવા બુમ મારી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ધારીયાનો એક ઘા મારતાં ફરિયાદી બચી જતાં બીજો ઘા મારવા જતાં ફરિયાદીએ ધારીયું પકડી લેતાં ધારીયાનો હાથો છાતીના ભાગે મારી ફરિયાદી તેનાથી બચવા જતાં પોતાની ગાડીમાં બેસી પોતાની ગાડીમાં પડેલ ગેરકાયદેસરની વગર પાસ પરમીટની જામગરી બંદુકથી આરોપીઓને બીક બતાવવા તેઓની સામે તાકતાં આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીની ગાડી ઉપર ઘા કરી ફરિયાદીની ગાડીના કાચ ફોડી નાંખી ફરિયાદીની ગાડીને નુકશાન કરી, ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી કોઇ હકીકત સદર સાહેદની જુબાનીથી ફલીત થતી નથી.

**૧૧.** વધુમાં આંક–૨૫ થી ત. ક. અમલદાર પૃથ્વીરાજસિંહ નારૂભા ગોહીલને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો સદર ગુનાની તપાસ તેઓને સોંપતા તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આરોપીની શરીરસ્થિતીનું પંચનામું કરેલ. ત્યારબાદ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા તથા ઈજા પામનારના સારવારના સર્ટીફીકેટો મેળવેલા ત્યારબાદ મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ. વધુમાં

બનાવ સમયે જાહેરનામું અમલમાં હોય જાહેરનામાની એક નકલ પણ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ અને આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. ત્યારબાદ તેઓની ઊલટ તપાસ આરોપીના વિ.વ.શ્રી દ્ધારા કરાતાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જાહેરનામું કોણે અને કેવી રીતેના પ્રસિદ્ધ કરેલ તેની તેઓએ તપાસ કરેલ નહી.

આમ, સદર ત.ક.અમલદારની જુબાની જોતાં, તેઓને સદર ગુનાની ફરિયાદ મળતાં તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા આરોપીઓની શરીરસ્થિતીનું પંચનામું કરી, અટક કરેલ અને આરોપીઓની વિરૂદ્ધ પુરતો પુરાવો મળતાં ચાર્જશીટ કરેલ. સદર સાહેદને ગુનાની ફરિયાદ મળતાં તેઓએ તેમની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ છે તથા તે મુજબની જુબાની આપેલ છે. પરંતુ સદર સાહેદની જુબાનીને ફરિયાદી દ્ધારા સમર્થન મળતું નથી. કારણ કે ફરિયાદી બનાવની હકીકતને સમર્થન આપતાં નથી અને હાલના આરોપીએ મારક હથિયાર ધારણ કરી, ફરિયાદી પર પ્રાણઘાતક હુમલો કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત તેઓના પુરાવા પરથી પુરવાર થતી નથી. જેથી ત.ક.અમલદારની જુબાની પરથી ફરિયાદ મુજબની હકીકતો પુરવાર થતી નથી.

**૧૧.** આમ, સદર કામે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબનો પુરાવો જોતાં ત.ક.અ. ના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી જેથી તા.૧૪-૦૫-૨૦૨૪ ના રોજ કલાક ૧૧-૩૦ વાગ્યાની આસપાસ ફરિયાદીએ કરીયાણા ગામમાં દેવીપુજક વાસમાં આવેલ દેવીપુજક સમાજના માતાજીના મઢે પોતાની ગાડી નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં પોતાના પત્ની ભારતીબેન નવઘણભાઈ અને બાળક જીવણભાઈને પગે લગાડવાની બાધા કરવા આવેલ હોય અને સદર માતાજીના મઢની ચાવી આરોપી નં. ૦૧ ના ઘરે રહેતી હોય આરોપી નં. ૦૧ ના પત્ની પાસે માતાજીના મઢની ચાવી માંગતા આરોપી નં. ૦૧ ના પત્નીએ ફરિયાદીને શેની ચાવી અને તને અહિયા ના નથી પાડેલ કે અહી આવવાનું નહી તેમ કહેતાં ફરિયાદી આવેલ બાધા કરવા લાગેલ હતા તે દરમિયાન આરોપી નં. ૦૨ નાઓ ધારીયું લઈ આવી

ફરિયાદીને કહેલ કે તું કેમ અહિયાં આવેલ છું તને ના નથી પાડેલી તેમ કહી આરોપી નં. ૦૧, ૦૩, ૦૪ નાઓને બોલાવા બુમ મારી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ધારીયાનો એક ઘા મારતાં ફરિયાદી બચી જતાં બીજો ઘા મારવા જતાં ફરિયાદીએ ધારીયું પકડી લેતાં ધારીયાનો હાથો છાતીના ભાગે મારી ફરિયાદી તેનાથી બચવા જતાં પોતાની ગાડીમાં બેસી પોતાની ગાડીમાં પડેલ ગેરકાયદેસરની વગર પાસ પરમીટની જામગરી બંદુકથી આરોપીઓને બીક બતાવવા તેઓની સામે તાકતાં આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદીની ગાડી ઉપર ઘા કરી ફરિયાદીની ગાડીના કાચ ફોડી નાંખી ફરિયાદીની ગાડીને નુકશાન કરી, ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતી હોવાનું માની શકાય તેમ નથી. ફોજદારી કાયદાના સિદ્ધાંત મુજબ આરોપી વિરૂદ્ધનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. સદર કામે ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદીને વિમુખ જાહેર કરેલ છે. સદર કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું, આરોપીની શરીરસ્થિતીનું પંચનામું તથા મેડીકલ સર્ટીફીકેટ તથા જાહેરનામાની નકલ રજુ કરેલ છે. પરંતુ સદર દસ્તાવેજી પુરાવાઓ ફરિયાદપક્ષે પુરવાર કરેલ નથી. સદર કામે ફરિયાદપક્ષે આંક–૩૧ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે પરંતુ ભોગ બનનારને સદર ઈજા આરોપીઓના હથિયાર વડે માર મારવાથી જ થયેલ હોવાનું પુરવાર કરેલ નથી. આમ જ્યારે ફરિયાદપક્ષના કેસ સંદર્ભે કોઈ પણ પ્રકારની શંકા ઉભી થાય તો તેવી શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર રહે છે. સદર કામે ઉપર કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ ફરિયાદપક્ષના કેસ સંદર્ભે મહત્વની બાબતો અંગે સાહેદોના પુરાવામાં પરસ્પર વિરોધાભાષી હકીકતો જણાઈ આવતી હોઈ, ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## **આખરી હુકમ**

(૧) આ કામના આરોપી નં. (૧) દલાભાઈ અમરશીભાઈ મકવાણા (દેવીપુજક) (૨) સાગરભાઈ અમરશીભાઈ મકવાણા (દેવીપુજક) (૩) કિરણભાઈ દલાભાઈ મકવાણા (દેવીપુજક) (૪) સંજયભાઈ દલાભાઈ મકવાણા (દેવીપુજક), તમામ રહે. કરીયાણા, દેવીપુજકવાસ, તા.ધોળકા, જિ. અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૩૫(૧) અન્વયે કોઠ પોલીસ સ્ટેશન ગુ. ૨. નં. ૧૧૧૯૨૦૨૯૨૪૦૧૦૫ મુજબ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ હુકમની તારીખથી છ માસની મર્યાદા માટે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન સહિતના જાત મુચરકા આપવા.

(૩) મુદ્દામાલ હથિયાર ધારીયાનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૮મી , માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૮–૦૩–૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(પી. પી. જાડેજા)**
આઠમા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), મુ. ધોળકા
જી.જે. ૦૦૮૩૨

જે. ડી. ડાભી (પી. એ.)